રાજ્ય સરકારની ખેડૂતો માટે મહત્ત્વની જાહેરાત

# ડુંગળી-બટાકામાં ખેડૂતને કિલોએ રૂા. બે સહાય અપાશે

## મંત્રી રાઘવજીએ એમ પણ જણાવ્યુ કે, બજારમાં લાલ ડુંગળીના ભાવ ઓછા છે, બટાકાની નિકાસ માટે વાહન ખર્ચમાં સહાય આપવામા આવશે

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં પલટાતા હવામાનને કારણે ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે. ત્યારે ડુંગળી અને બટાકા પકવતા ખેડૂતો માટે રાજ્ય સરકારે મહત્ત્વની જાહેરાત કરી છે. ડુંગળી અને બટાકાના ખેડૂતો માટે રાજ્ય સરકારે સહાય જાહેર કરી છે. આ બાબતે રાઘવજી પટેલનું મહત્તવનું નિવેદન સામે આવ્યુ છે. તેમણે જણાવ્યુ છે કે, ગુજરાત રાજ્યમાં બજારમાં લાલ ડુંગળીના ભાવ ઓછા જણાય છે. આ પરિસ્થિતિના સંદર્ભે એક કિલોએ રૂપિયા બેની સહાય ખેડૂતને આપવામાં અપાશે. ખેડૂત દીઠ વધારેમાં વધારે ૫૦૦ કટ્ટા માટેની સહાય આપવામાં આવશે. ૭૦ કરોડની સહાય રાજ્ય સરકાર ચુકવણી કરશે. આ ઉપરાંત તેમણે જણાવ્યુ કે, સરકાર ટ્રાન્સ્પોર્ટેશનના ખર્ચ માટે ૨૦ કરોડ ફાળવશે. રાજ્ય અને દેશ બહાર ડુંગળીના નિકાસ માટે ૨૦ કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી છે.

આ ઉપરાંત મંત્રીએ જણાવ્યુ કે, બટાકા અન્ય રાજ્યમાં મોકલવામાં સહાય કરવામાં આવશે. એક ખેડૂતને એક કટ્ટાના ૫૦ રૂપિયા આપવામાં આવશે. રાજ્ય સરકાર ૬૦૦ કટ્ટા સુધી સહાય કરાશે. રાઘવજીએ એમ પણ જણાવ્યુ કે, બજારમાં લાલ ડુંગળીના ભાવ ઓછા છે. બટાકાની નિકાસ માટે વાહન ખર્ચમાં સહાય આપવામા આવશે. રોડ ટ્રાન્સપોર્ટથી બટાકાની નિકાસ પર ૫૦ રૂપિયા પ્રતિ મેટ્રિક ટન સહાય અપાશે. રેલવે મારફત બટાકાની નિકાસ કરે તો વાહતના ખર્ચના ૧૦૦ ટકા અથવા ૧૧૫૦ રૂપિયા પ્રતિ મેટ્રીક ટનની મર્યાદામાં બેમાંથી જે ઓછું હોય તે સહાય આપવામાં આવશે. દેશ બહાર બટાકાની નિકાસ કરે તો કુલ વાહતના ખર્ચના ૨૫% અને ૧૦ લાખની મર્યાદામાં બેમાંથી જે ઓછુ હોય તે ખેડુત કે વેપારી દીઠ ટ્રાન્સપોર્ટ સબસીડી આપવામાં આવશે. આ સહાય ૩૦ એપ્રિલ સુધી આપવામાં આવશે. આ ઉપરાંત બટાકા પકવતા ખેડૂતો કોલ્ડ સ્ટોરેજમાં માત્ર ખાવા માટેના બટાકાનો સંગ્રહ કરે તો પ્રતિ કિલો ૧ રૂપિયા લેખે ખેડૂતને એક કટ્ટાના ૫૦ અને વધારેમાં વધારે ૬૦૦ કટ્ટાની મર્યાદામાં સહાય અપાશે. આ સહાય ૧ ફેબ્રુઆરી ૨૦૨૩થી ૩૧ માર્ચ ૨૦૨૩ સુધીમાં આપવામાં આવશે. જેના માટે ૨૦૦ કરોડની સહાય જાહેર કરવામાં આવી છે.

# મોરબીની પુલ દુર્ઘટનામાં જયસુખ પટેલના વચગાળાના જામીન નામંજૂર

## મોરબી સેશન્સ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ : જયસુખ પટેલે ભોગ બનનારા પરિજનોને વળતર ચૂકવવાની વ્યવસ્થા કરવા માટે જામીનની અરજી કરી હતી

મોરબી, તા.૭

મોરબી ઝુલતા પુલ દુર્ઘટના અંગે આજે મોરબી સેશન્સ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. આરોપી જયસુખ પટેલની વચગાળાના જામીન માટેની અરજી સંદર્ભે સુનાવણી હાથ ધરાઈ હતી. જયસુખ પટેલે ભોગ બનનારા પરિજનોને વળતર ચૂકવવાની વ્યવસ્થા કરવા માટે જામીનની અરજી કરી હતી. મોરબી સેશન્સ કોર્ટે સુનાવણી દરમિયાન જયસુખ પટેલના જામીન ફગાવી દીધાં છે.

ગત સુનાવણી દરમિયાન બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો હાઈકોર્ટ પહોંચ્યા હતાં. તેમનું કહેવું હતું કે, તેમને ઝડપથી ન્યાય મળે. તે ઉપરાંત એવી પણ માંગ કરવામાં આવી હતી કે આ ઘટના માટે જવાબદાર લોકોને કડક સજા થવી જોઈએ. બીજી તરફ ઓરેવા કંપનીના એમડી જયસુખ પટેલે મૃતકોના પરિવારોને પાંચ લાખ આપવાની તૈયારી દર્શાવી હતી.મોરબી બ્રિજ હોનારતનો મામલે અગાઉ ઓરેવા ગ્રુપે મૃતકોના પરિવારને ૩.૫ લાખ વળતર ચુકવવાની તૈયારી દર્શાવી છે તેમજ ઈજાગ્રસ્તને ૧ લાખ એડ હોક વળતર ચુકવવા અંગેની તૈયારી દર્શાવી છે. જે મામલે કોર્ટે કહ્યું છે કે, શુ તમારી દષ્ટી વળતર પુરતુ અને વ્યાજબી લાગે છે? તેમજ કોર્ટે કહ્યું કે, અમને આ રકમ વ્યાજબી લાગતી નથી. જે સમગ્ર મામલે કોર્ટ મિત્ર કહ્યું કે, અસરગ્રસ્તોને વધુ વળતર મળવું જોઈએ. ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ ગુજરાતના મોરબી શહેરમાં મચ્છુ નદી પરનો ઝુલતો પુલ તૂટી પડ્યો, જેના કારણે ૧૩૦થી વધુ લોકોનાં મોત થયા હતા.

મોરબી બ્રિજ તૂટવાને લઈ આરોપી જયસુખ પટેલે કોર્ટમાં નિવેદન આપ્યું હતું કે, મોરબી બ્રિજ તૂટવાની ઘટનાનો અફસોસ છે.બ્રિજની મરામતનું કામ કરવા કોમર્શિયલ એક્ટિવિટી નો કોઈ ઈરાદો નહોતો. હેરિટેજ બચાવવા માટે કામ હાથમાં લીધું હતું. જયસુખ પટેલને રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટમાં રજૂ કરાયા હતાં. ત્યાર બાદ જેલ હવાલે મોકલવામાં આવ્યા હતાં.

# ૨૪ કલાકમાં રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદની આગાહી

## સોમવારથી રાજ્યના હવામાનમાં આકસ્મિક પલટો : વરસાદની આગાહી કરતા ખેડૂતોની ચીંતામાં વધારો કર્યો

અમદાવાદ, તા.૭

રાજ્યમાં ગઈકાલે વાતાવરણમાં અચાનક જ પલટો આવ્યો હતો. આ દરમિયાન કેટલીક જગ્યાએ વરસાદની સાથે કરા પડ્યા હતા. આ વચ્ચા હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં આગામી ૨૪ કલાક હજુ પણ ભારે રહેશે અને સૌરાષ્ટ્ર સહિત અનેક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં ઉનાળાની શરુઆતમાં જ વાતાવરણમાં અચાનક પલટો આવી ગયો હતો અને ગઈકાલે અમદાવાદ સહિત અનેક તાલુકોઓમા ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. આ દરમિયાન હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં અનેક વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી કરી છે. રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં ફેરફાર થતા વરસાદ અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. રાજ્યમાં હાલ સવારે ઠંડી, બપોરે ગરમી અને સાંજે અચાનક જ વરસાદી વાતાવરણ સર્જાઈ જાય છે. આ મિશ્ર વાતાવરણ વચ્ચે વરસાદની આગાહી કરતા ખેડૂતોની ચીંતામાં વધારો કર્યો છે.

ગઈકાલે રાજ્યમાં હોળીના પ્રાગટ્ય સમયે જ વરસાદ શરુ થયો હતો. અમદાવાદ સહિત રાજ્યના ૫૬ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. આ દરમિયાન આજે હવામાન વિભાગની આગાહી પ્રમાણે બનાસકાંઠા, સાબરકાંઠા, અમરેલી, રાજકોટ, ગીર સોમનાથ, બોટાદ, ભાવનગર, જુનાગઢ, દીવ, ડાંગ, સુરત, તાપી, નર્મદા, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં વરસાદ વરસી શકે છે.

# સુપ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજીનો ત્રણ તબક્કામાં સુગ્રથિત વિકાસ હાથ ધરાશે



ગાંધીનગર, તા.૭

ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુત અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, ઉત્તર ગુજરાતના પૌરાણિક અને ધાર્મિક મહત્વ ધરાવતા માં બહુચરના યાત્રાધામ બહુચરાજીનો ત્રણ તબક્કામાં સુગ્રથિત વિકાસ હાથ ધરાશે. જેમાં પ્રથમ તબક્કામાં રૂપિયા ૨૦ કરોડની ફાળવણી રાજ્ય સરકાર દ્વારા કરાઈ છે. લાખો શ્રદ્ધાળુઓના પ્રતીક સમા માં બહુચરના ધામ ખાતે યાત્રાળુઓને વધુને વધુ સુવિધા મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ હયાત સુવિધાઓ અને આગામી ૨૫ વર્ષમાં બહુચરાજી તીર્થધામના વિકાસ માટે માસ્ટર પ્લાનિંગ કરી ત્રણ તબક્કામાં વિકાસ કરવાનું આયોજન કરાયું છે. જેમાં મુખ્યમંત્રીએ પ્રથમ તબક્કામાં આજે પૂનમના પવિત્ર દિવસે રૂપિયા ૨૦ કરોડ ફાળવ્યા છે. જે હેઠળ માતાજીના મંદિરના ગર્ભગૃહ, નૃત્ય મંડપ તથા મંદિરની શિખર ની ઊંચાઈ જે હાલ ૪૯ ફૂટ છે. તે વધારીને અંદાજે ૭૧.૫ ફૂટ કરવામાં આવશે. જે થકી મંદિર પરિસર ભવ્ય અને દિવ્ય બનશે અને યાત્રાળુ માટે આકર્ષણનો કેન્દ્ર બનશે. મંદિરની ઊંચાઈ વધારવાની સાથે સાથે આવનારા સમયમાં મંદિરના પરિસર અને વિકાસનું આયોજન કરવામાં પણ આવશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવશે. રાજ્યમાં આરાસુર અંબાજી શક્તિપીઠ મહાકાળીધામ પાવાગઢ, શક્તિપીઠ અને બહુચરાજી શક્તિપીઠ પૌરાણિક, ઐતિહાસિક અને ધાર્મિક રીતે અતી મહત્વના શક્તિપીઠો હોય આવનારા શ્રદ્ધાળુઓની આસ્થાને અનુરૂપ વધુને વધુ સારી વ્યવસ્થાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા માટે આ સમગ્ર આયોજન કરાયું છે.



આંબાવાડી ફાઈન આર્ટસ કોલેજમા આજે ધુળેટી મહોત્સવ મનાવ્યો હતો.

# યુએસમાં હાહાકાર મચાવનારા XBB.1.5 કોવિડ વેરિયન્ટની ગુજરાતમાં એન્ટ્રી

## XBB વેરિયન્ટએ ઓમિક્રોનના BA.2.10 અને BA.2.75નો પેટા વેરિયન્ટનું રિકોમ્બિનન્ટ

અમદાવાદ, તા.૭

ગુજરાત રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી કોવિડ મહામારીથી રાહત જોવા મળી રહી છે. લોકો રોજિંદા જીવનમાં પહેલાની જેમ યોગ્ય રીતે અનુકુળ થઈ રહ્યા છે. જોકે આ વચ્ચે યુએસમાં અત્યારે કોવિડના XBB.1.5 સબ-વેરિયન્ટે હાહાકાર મચાવી દીધો છે. ત્યાં નવા નોંધાયેલા ૯૦ ટકા કેસો આનાથી ચેપગ્રસ્ત છે. હવે આવી સ્થિતિમાં મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ સબ વેરિયન્ટના જિનોમસિક્વસિંગ ગુજરાત રાજ્યમાં પણ મળી આવ્યા છે. આ પ્રમાણેનો નવો વેરિયન્ટ હવે રાજ્યમાં માથુ ઉંચકી રહ્યો છે એ જાણીને ફરી એકવાર સાવચેત થઈ જવાની જરૂર વર્તાઈ રહી હોય એવું લાગી રહ્યું છે.

કોરોના મહામારીથી સંપૂર્ણપણે હજુ સુધી લોકોને રાહત મળી નથી. ગુજરાત રાજ્યમાં પણ સમયાંતરે કોવિડ પોઝિટિવ કેસ નોંધાતા શરૂ થતા રહેતા હોય છે. તેવામાં ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે છેલ્લા ૫૦ પુષ્ટિ થયેલા કોવિડ કેસોના જીનોમ સિક્વન્સિંગ કરવામાં આવતા જાણવા મળ્યું કે ૭૪ ટકા સેમ્પલમાં XBB.1.5ના કેસ જોવા મળ્યા હતા. તેમાંથી ૨૦ કેસXBB.1.5, XBB.1ના ૧૪ અને BA.2.9ના ૩ કેસ હતા. ગુજરાત રાજ્યામાં XBB.1.5 કોવિડ વેરિયન્ટના કેસો અમદાવાદ, વડોદરા, સુરત અને કચ્છમાં જોવા મળ્યા હતા. ડેટાના આધારે અહીં સૌથી વધારે લોકો સંક્રમિત થતા નજરે પડી રહ્યા છે. મીડિયા અહેવાલો પ્રમાણે INSACOGએ જણાવ્યું છે કે આ નવો વેરિયન્ટ અત્યારે દેશના ૧૧ રાજ્યોમાં જોવા મળ્યો છે. એટલું જ નહીં આ વેરિયન્ટનો ચેપ પણ ઝડપથી પ્રસરી રહ્યો છે. XBB એ ઓમિક્રોનનો સબ વેરિયન્ટ છે. મીડિયા અહેવાલો પ્રમાણે કોવિડના કેસો જ્યારે વધી રહ્યા હતા ત્યારે પણ ગુજરાતમાં આના ચેપ વધારે લાગી રહ્યા હતા. ઓમિક્રોનના કેસ સમયે પણ અહીં XBB કે જે સબ વેરિયન્ટ છે તેના ૩૦થી વધારે ટકા કેસ નોંધાતા હતા. XBB.૨ કેસો ૩૫ ટકા, XBB.૫ કેસો ૧૩ ટકા અને XBB.૧ ૧૦ ટકા કેસ નોંધાયા હતા. ગુજરાતમાં એકબાજુ જોવાજઈએ તો છેલ્લા ઘણા સમય પછી કોવિડ કેસોમાં થોડો ઉછાળો જોવા મળી રહ્યો છે. સોમવારે એક્ટિવ કેસ ૮૧ને પાર પહોંચી ગયા છે.

# બોર્ડની પરીક્ષામાં હોલ ટિકિટ વગર પરીક્ષાખંડમાં પ્રવેશ નહીં મળે

## પરીક્ષા ખંડમાં હથિયાર સાથે પકડાશે તો તે વિદ્યાર્થી આજીવન પરીક્ષા આપી શકશે નહીં, પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા બોર્ડ દ્વારા નિયમો જાહેર કરાયા

ગાંધીનગર, તા.૭

ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર સામે આવી રહ્યાં છે. હોલ ટિકિટ વગર પરીક્ષા આપવા મામલે શિક્ષણ બોર્ડે સ્પષ્ટતા કરી છે. હોલ ટિકિટ વગર પરીક્ષાખંડમાં પ્રવેશ મળશે નહીં. પરીક્ષા માટે હોલ ટિકિટ જ આધારભૂત દસ્તાવેજ હોવાનું શિક્ષણ બોર્ડ જણાવ્યું છે.ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડના વિદ્યાર્થીની હોલ ટિકિટ મુદ્દે શિક્ષણ વિભાગે સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું છે કે, હોલ ટિકિટ વિના વિદ્યાર્થી પરીક્ષા ખંડમાં પ્રવેશશે નહી તેમજ હોલ ટિકિટ જ આધારભૂત દસ્તાવેજ હોવાનું જણાવ્યું છે. તેમજ આ બાબતની નોંધ ગંભીરતાપૂર્વક લેવા આચાર્યોને આદેશ કર્યા છે. આગામી ૧૪ માર્ચથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા યોજાવા જઈ રહી છે. ત્યારે બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા શિક્ષણ વિભાગ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરાયો છે. જે મુજબ બોર્ડની પરીક્ષામાં ક્લાસરૂમના સીસીટીવી વીડિયોને ત્રણ વખત ચેક કરવામાં આવશે. રાજ્યભરમાં આગામી તા.૧૪મી માર્ચના રોજથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે. જેમાં ધોરણ-૧૦માં ૯.૫૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧.૧૦ લાખ વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય પ્રવાહમાં ૫.૬૫લાખ વિદ્યાર્થીઓ પ્રથમ વખત પરીક્ષા આપશે. રાજ્યમાં ધોરણ ૧૦ની પરીક્ષા માટે ૯૫૮ કેન્દ્રો જ્યારે ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહ માટે ૫૨૫ જ્યારે વિજ્ઞાન પ્રવાહ માટે ૧૪૦ કેન્દ્રો પર આ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે લેવામાં આવશે. પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કોઈ વિદ્યાર્થી બોર્ડની પરીક્ષામાં ચોરી કરતા પકડાશે તો તેને કડક સજા કરવામાં આવશે. ચોરી કરનારો વિદ્યાર્થી ૨ વર્ષ સુધી પરીક્ષા આપી શકશે નહીં. ચોરી કરનાર અને કરાવનારા બન્ને વિદ્યાર્થીઓએ ૨ વર્ષ સુધી ઘરે બેસવું પડશે. આ સાથે જ બોર્ડ દ્વારા બીજો પણ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કોઈ વિદ્યાર્થી પરીક્ષા ખંડમાં હથિયાર સાથે પકડાશે તો તે વિદ્યાર્થી આજીવન પરીક્ષા આપી શકશે નહીં. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. ધોરણ ૧૦ની પરીક્ષા ૧૪મી માર્ચથી ૨૮મી માર્ચ સુધી ચાલશે જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૪મી માર્ચથી ૨૯મી માર્ચ સુધી ચાલશે તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૧૪મી માર્ચથી ૨૫મી માર્ચ સુધી ચાલશે. કુલ ૧૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

### વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે તાલિમ સહાય પેટે રૂ. બે લાખ બે હજારની સહાય આપવામાં આવી છે.

● **પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય**

ભાજપના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલે જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિન અનામત જાતિના ૧૯૨, અનુ. જાતિના ૪ એમ કુલ ૧૯૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

મંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે બિન અનામત જાતિ કેટેગરી માટે રૂ. ૧૮ લાખ નેવુ હજાર અને અનુ. જાતિ કેટેગરીના લાભાર્થીઓને રૂ. ૫૪ હજાર મળી કુલ રૂ. ૧૯ લાખ ૪૪ હજારની સહાય ચુકવવામાં આવી છે.

● **અનુ. જન જાતિના વિદ્યાર્થીઓને પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ**

કોંગીના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જિલ્લામાં અનુ. જન જાતિના વિદ્યાર્થીઓ પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં આદિજાતિ વિકાસ મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧-૨૩ની સ્થિતિએ ૩૫૦૭ અરજીઓ તંત્રને મળી છે.

આ સ્થિતિએ ૧૯૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ૩૩૧૩ અરજીઓ પડતર છે. અરજીઓની ચકાસણી કરવાની કાર્યવાહી ચાલુ હોવાથી પડતર હોવાનું મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

### ૩થી ૮ની પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માહોલ છવાયેલો છે. ત્યારે સરકારના શિક્ષણ વિભાગે પણ ધો. ૩ થી ૮ નો કાર્યક્રમ જાહેર કરી દીધો છે. શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ધો. ૩ થી ૫ના વિદ્યાર્થીઓનું ૪૦ ગુણાંકમાં મૂલ્યાંકન કરાશે જ્યારે ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓનું ૮૦ ગુણમાં મૂલ્યાંકન કરવામાં આવશે. ધો. ૩ થી ૫ ના વિદ્યાર્થીઓની પરીક્ષાનો સમય ૮ થી ૧૦ નો રહેશે જ્યારે ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય ૮ થી ૧૧નો રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### ફોરલેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથ ધરવામાં આવી છે ગાંધીનગરનું રોડ એન્જિનિયરિંગ પણ બદલાઈ રહ્યું છે જો કે ૩૦ સેક્ટરના વિસ્તારમાં તો તમામ ૧૪ રસ્તાને સિક્સલેનમાં ફેરવી દેવામાં આવ્યા હોવા છતાં પીક અવર્સમા ઠેર ઠેર ટ્રાફિક જામ ની સ્થિતિ જોવા મળે છે આ ઉપરાંત નવા ગાંધીનગર ઉપરાંત મહાનગર પાલિકા વિસ્તારમાં પણ ટ્રાફિક ની સમસ્યા પેચીદી બનતી જાય છે ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત કરવા રાંધેજાથી પેથાપુર માર્ગનું વાઈડનીંગ કરવામાં આવશે હાલમાં આ માર્ગની પહોળાઈ માત્ર ૧૦ મીટરની હોવાના કારણે અને આ માર્ગ ભારે વાહનોથી ધમધમતો હોવાથી જોખમી સ્થિતિ સર્જાઈ છે જેને અનુલક્ષી રાંધેજા પેથાપુર માર્ગ પણ ફોરલેન કરવાનો નિર્ણય લેવાયો છે.

### બજેટ બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનરેગાના લેબર બજેટને તાલુકા પંચાયતો દ્વારા બહાલી અપાયા બાદ જિલ્લાકક્ષાએ તેનુ આખરીકરણ કરવામાં આવ્યુ છે. જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં વિકાસના કામોની મુદત લંબાવવા અંગેનો મુદ્દો પણ એજન્ડામાં સમાવવામાં આવેલો છે.

જિલ્લા પંચાયતની આ બજેટ બેઠકમાં પ્રશ્નોત્તરી નહિ હોવાથી અને ખાસ સામાન્ય સભા હોવાથી તે માત્ર રૂટિન બેઠક બની રહેશે તેમ રાજકીય વર્તુળો માની રહ્યા છે.

### ટ્રેન્ડ યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્ય વાહનોની ખરીદીમાં પણ શહેરમાં વધારો થયો છે. ૨૦૨૧-૨૨ની તુલનામાં ૨ કરોડથી વધુનો આવક વધારો મનપા તંત્રને થયો છે. આ આવક હજુ પણ ચાલુ મહિનામાં વધશે અને તે ૩ કરોડ પર પહોંચે તેમ મનાઈ રહ્યુ છે.

મનપામાં આ વર્ષે મિલ્કતવેરો, વ્યવસાયવેરો તેમજ વાહન વેરાની આવકમાં વધારો થવા પામ્યો છે. વેરા આવકમાં વધારો થતાં મનપાની સત્તાધારી પક્ષ સહિત તંત્રમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહેલ છે.

### ટ્રેન દોડાવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈનાત કરવામાં આવશે જેથી લોકો વ્યવસ્થિત રીતે અનરિઝર્વ્ડ કોચમાં બેસી શકેઅને કોઈ અસુવિધા ન થાય.મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મુખ્ય સ્ટેશનો પર વધારાના આરપીએફજવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. ટ્રેનોને સરળતાથી ચલાવવા માટે અધિકારીઓને મુખ્ય સ્ટેશનો પર ઈમરજન્સી ડ્યુટી પર તૈનાત કરવામાં આવ્યા છે.

### ભારતમાં ટેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સર્વસમાવેશક અભિગમ તરફ આગળ વધી રહ્યું છે, તેથી આપણે એક મોટો બદલાવ પણ જોઈ રહ્યા છીએ. આપણે વિવિધ ભૌગોલિક વિસ્તારો અને આર્થિક ક્ષેત્રોની પ્રગતિ માટે કાર્યરત ખાનગી ક્ષેત્રને પણ મહત્તમ સમર્થન આપવું પડશે. એક સમયે આ વાત સર્વત્ર પ્રચલિત હતી કે ભારતમાં ટેક્સનો દર કેટલો ઊંચો છે, પરંતુ આજે ભારતમાં સ્થિતિ બદલાય ગયેલી જોવા મળે છે.બેંકિંગ સિસ્ટમ અંગે પીએમ મોદીએ કહ્યું કે, ભારતની બેંકિંગ સિસ્ટમનો લાભ શક્ય તેટલા વધુ લોકો સુધી પહોંચવો જોઈએ.

### વિસ્ફોટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બજાર વિસ્તારમાં થયો હતો. વિસ્ફોટનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. તેમણે કહ્યું કે મૃત્યુઆંક વધી શકે છે. પોલીસના જણાવ્યા અનુસાર ઘાયલોની સારવાર ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, જે બિલ્ડિંગમાં વિસ્ફોટ થયો હતો તેના ગ્રાઉન્ડ ફ્લોર પર ઘણા સ્ટોર્સ છે અને તેની બાજુમાં BRAC બેંકની શાખા છે.